**સુવિચાર**

પ્રત્યેક ગુણવાન વ્યકિતને પોતાના ગુણ અને યોગ્યતા અનુસાર આગળ વધવાની તક મળવી જોઈએ.

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૦/૧૦/૨૦૨૪, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મઘ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિઘ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૦ આસો વદ-૪ વર્ષ : ૧૫ અંક : ૨૬૨

ઈમરજન્સી સારવાર
24/7 Emergency Services

એપોઈન્ટમેન્ટ માટે 9978223000
❖ હૃદયરોગ - બીપી
❖ શ્વાસ દમ ન્યુમોનિયા
❖ પક્ષઘાત - પેરાલીસીસ - આંચકી
❖ ડાયાબીટીસ - કીડની
❖ લીવરની તકલીફ વગેરે

ડો. રાજન કકૈયા
(એમ.ડી.)
કન્સલટન્ટ ફીજીશ્યન

વિશેષ સુવિધા
આયુષ્યમાન કાર્ડ ધારકોને ફ્રી સારવાર
કેશલેશ મેડીકલેઈમ સુવિધા

નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,૯૯૭૮૨ ૨૩૦૦૦

## ૩૫ વર્ષિય પરિણીતા, ૫ વર્ષની ૮ બાળકી અને ૧ યુવતીનાં મોતથી અરેરાટી

# લાઠીનાં આંબરડીમાં વીજળીનો હાહાકાર : પાંચનાં મોત

**જિલ્લાનાં ઈતિહાસમાં કયારેય ન બની હોય તેવી વીજળી પડવાની ઘટના બનતા હાહાકાર**

**શ્રમિક પરિવારમાં એકી સાથે પાંચ પાંચ મોતની ઘટના બનતા સૌ કોઈ સ્તબ્ધ**

**દિવાળી ડોકિયા કરતી હોય તેવા સમયે મેઘરાજા વીજળી સાથે દે ધનાધન કરતાં હોય સૌ ફફડી ગયા**

**વહીવટીતંત્ર અને પદાધિકારીઓ ઘટના સ્થળે દોડી જઈ શ્રમિક પરિવારને મદદ કરી હિંમત અને હુંફ આપ્યા**



અમરેલી, તા. ૧૯
અમરેલી જિલ્લામાં છેલ્લા કેટલાંક દિવસોથી વરસાદ અને વીજળીએ વધુ રોદ્ર સ્વરૂપ ધારણ કર્યુ હોય. ત્યારે વીજળી પડવાના કારણે જાનમાલનું મોટું નુકસાન થાય છે. ત્યારે આજે સાંજના સમયે વરસાદ સાથે વીજળી પડવાની ગંભીર ઘટના લાઠી તાલુકાના આંબરડી ખાતે ઘટી હતી. જેમાં વીજળી પડવાથી ત્રણ બાળકો સહિત ૫ વ્યકિતના ઘટના સ્થળે જ મોત થયા હતાં. જયારે આ બનાવમાં ૩ વ્યકિતને ગંભીર ઈજાઓ થતા તાત્કાલિક સારવાર માટે ઢસા ખાતે સારવારમાં ખસેડવામાં આવ્યા હતા.

અનુસંધાન પાના ૬ ઉપર

હાર્દિક અભિનંદન સહ શુભકામનાઓ



શ્રીઅંબરીશભાઈ ડેર
પ્રમુખ : ગુજરાત મેરી ટાઈમ બોર્ડ કર્મચારી સંઘ મહામંડળ

આહીર સમાજના યુવા અને પ્રમાણિક પુર્વ ધારાસભ્ય શ્રી અંબરીશભાઈ ડેર એ ગુજરાત મેરીટાઈમ બોર્ડ કર્મચારી સંઘ મહામંડળનાં અધ્યક્ષ તરીકે વરણી પામી પદગ્રહણ કરતાં અમો હર્ષ સહ ગૌરવની લાગણી અનુભવીએ છીએ.. તેમજ તેઓશ્રી ઉતરોતર પ્રગતિ કરતા રહે તેવી મંગલ શુભકામનાઓ વ્યકત કરીએ છીએ..

: શુભેચ્છક :

શ્રી વાસુરભાઈ એન. ડેર
શ્રી સુરજ વી. ડેર
શ્રી કન્સ્ટ્રકશન-રાજકોટ

## ધારેશ્વર, ભાક્ષી અને મોટા આગરીયાનાં ગામજનોની માંગ

# રાજુલાનાં ધાતરવડી-૧ જળાશય નજીકનાં ભરડિયાઓ બંધ કરાવો

**જળાશયની નજીક એક નહી બલ્કે બબ્બે ભરડિયાઓ ધમધમતા હોવાથી જળાશય ઉપર જોખમ**

**પથ્થર જમીનમાંથી કાઢવા માટે અવારનવાર બ્લાસ્ટીંગ કરવામાં આવતું હોવાથી ચિંતા વધી**

**અમરેલી જિલ્લામાં ''સબ ભૂમિ ગોપાલકી'' હોય તેવો માહોલ જોવા મળતો હોય સરકાર ધ્યાન આપે તો સારૂ**

**ખાણ-ખનિજ, મહેસુલ વિભાગમાં અધિકારીઓએ સ્થળ તપાસ કરવી જરૂરી બની**

રાજુલા, ૧૯

રાજુલા તાલુકાના ભાક્ષી ગામ નજીક આવેલ ધાતરવડી ડેમ ૧ પાણીથી છલોછલ ભરેલો છે તેવા સમયે બાજુમાં સૌથી મોટા ભરડીયાઓ ધમધમી રહ્યા છે. બ્લાસ્ટિંગ કરવામાં આવે છે તેની અસર સીધી ધાતરવડી ડેમ ઉપર થઈ રહી છે. ધાતરવડી ડેમ રાજુલા તાલુકાના ખેડૂતો માટે આશીર્વાદરૂપ છે. વર્ષો જૂનો ડેમ હોવાને કારણે મોટી દુર્ઘટના સર્જાઈ શકે છે તેવા સમયે નજીક આવેલ બંને ભરડીયાઓ કવોરી લિઝ બંધ કરાવવા ખેડૂતો ધ્વારા ઉગ્ર માંગણીઓ કરવામાં આવી છે. પ્રથમ મોટા આગરિયા ગ્રામ પંચાયત દ્વારા કલેકટરને સંબોધી પત્ર લખ્યા બાદ આજે વધુ બે ગ્રામ પંચાયતોએ વિરોધ કરી બંધ કરવા માટેની માંગણીઓ કરવામાં આવી છે. જેમા અસરગ્રસ્ત બંને ગામડા ધારેર અને ભાક્ષીનાં ગ્રામજનો વિરોધ કરી રહ્યા છે. બંને ગ્રામ પંચાયત દ્વારા કલેકટરને પત્ર લખી રજૂઆતો કરવામાં આવી છે.

ધારેર ગ્રામ પંચાયત મહિલા સરપંચ મનીષાબેન દિલીપભાઈ સોજીત્રાએ કલેકટરને રજૂઆત કરી છે જેમાં ધારેર ગામની ઉપરવાસમાં આવેલ ધાતરવડી ડેમ ૧ ખુબજ મોટો ડેમ છે. ગામના સીમાડામાં અડીને આવેલ ભાક્ષી ગામનો સીમાડો છે ધાતરવડી ડેમની ૫૦૦ મીટરની ત્રિજયામાં બે ભરડીયા ઘણા વર્ષોથી ચાલુ છે ડેમને અડીને પથ્થર કાઢીને ૧૫૦ થી ૨૦૦ મીટરની ત્રિજયામાં બે ભરડીયા ઘણા વર્ષોથી ચાલુ છે ડેમને અડીને પથ્થર કાઢી ૧૫૦થી ૨૦૦ ફૂટ ઉંડી ખાણો કરી નાખવામાં આવી છે. પથ્થર કાઢવા માટે મોટા બ્લાસ્ટિંગના કારણે ડેમને નુકસાન થાય છે અને અમારા ગામની સલામતી જોખમાય છે. આસપાસ ખેડૂતોના ખેતરોમાં ધૂળ ઉડી આવી રહી છે સીધી ખેડૂતોના ખેતીપાક ઉપર અસર થઈ રહી છે. પાણીના તળ પણ ઊંડા ઉતરી ગયા છે. આવા સંજોગોમાં આ ભરડીયા વાળા બ્લાસ્ટિંગ કરતા હોવાથી ડેમને નુકસાન થવાથી જો તૂટે તો અમારૂં ગામ સંપૂર્ણ માનવસર્જિત હોનારતમાં નાશ પામે જેથી તાકીદે આ બંને ભરડીયાઓ જે એકદમ ડેમને ૨૦૦ મીટરની ત્રિજયામાં આવેલ હોવાથી લિઝ રદ કરવામાં અમારી માંગણી છે. નહિતર અમારે ના છૂટકે હાઈકોર્ટના દ્વાર ખખડાવી હાઈકોર્ટમાં જવાની ફરજ પડશે તેમ મહિલા સરપંચ મનીષાબેન સોજીત્રાએ જણાવ્યું છે.

ભાક્ષી ગ્રામ પંચાયત સરપંચ અમુબેન મનુભાઈ ધાખડાએ કલેકટરને સંબોધી પત્ર મારફતે રજૂઆતો કરવામાં આવી છે. જેમાં ધાતવરડી ડેમ માંથી આજુ બાજુના ખેડૂતોને પાણી પૂરૂં પાડવામાં આવે છે. રાજુલા અને જાફરાબાદ શહેરમાં પીવાનું પાણી જાય છે ડેમને અડીને બે ભરડીયાઓ ધમધમી રહ્યા છે. ભાક્ષી ગામ નજીક ધારેર, મોટા આગરિયા સહિત ગામડા આવેલ છે બધી ગ્રામ પંચાયતોએ ખેડૂતોના હિતમાં નીચાણમાં આવતા ગામની સલામતી માટે બંને ભરડીયાઓ બંધ કરવા કલેકટર અને ભૂસ્તર શાસ્ત્રી અને કાર્યપાલક ઈજનેર ચીંચાઈ વિભાગને રજૂઆત કરી છે. તાકીદે ભરડીયાઓ સામે કાર્યવાહી કરવા અમારી માંગણી છે નહિતર બંને ગ્રામ પંચાયતો ન્યાયિક કાર્યવાહીની ફરજ પડશે તેમ ચીમકી ઉચ્ચારવામા આવી છે.

૨ ભરીડીયાઓ શરૂ રહે તેને બચાવવા કોઈ ઉચ્ચ અધિકારીઓ પ્રયાસ કરતા હોવાનો ખેડૂતોમાં ગણગણાટ ચાલી રહ્યો છે. હાલ તો સ્થાનિક અસરગ્રસ્ત ગ્રામ પંચાયતની મહિલા સરપંચો મેદાનમાં આવી મોરચો માંડવામાં આવ્યો છે. અગાઉ ચીંચાઈ વિભાગ દ્વારા લેખિતમાં અમરેલી ભૂસ્તરશાસ્ત્રીને લેટર મારફતે રિપોટ કર્યો હતો. આ ભરડીયાના કારણે ડેમ ઉપર મોટું નુકસાન થઈ રહ્યું છે કાર્યવાહી કરવા માટેની ચીંચાઈ વિભાગના અધિકારી દ્વારા જ લેટર પણ લખવામાં આવ્યો હતો. ફરીવાર ભરડીયાઓ શરૂ થતાં ચીંચાઈ વિભાગ અને તંત્રના ઉચ્ચ અધિકારીઓ સામે સવાલો ઉઠી રહ્યા છે. આવતા દિવસોમાં ભરડીયાઓ સામે સ્થાનિક ખેડૂતો મોટો જંગ છેડી મોરચો માંડવાના છે.

## અમરેલી : ચેક પરતના કેસમાં બે વર્ષની સજા અને રૂા. ૫૦ હજારની દોઢી રકમ ચુકવવાનો હુકમ થયો

અમરેલી, તા. ૧૯

અમરેલી તાજેતરમાં આર.આર. શ્રોફ એન્ડ ફાયનાન્સ, પાસેથી રૂા. ૫૦,૦૦૦નું જાતજામીનગીરી ધિરાણ સેકડે–૧૨%ના વ્યાજદરથી યોગેશભાઈ કાળીદાસભાઈ ગોહિલે લીધેલ. તેમના ખાતે બાકી લ્હેણી રકમ ભરવા તેમના જામીન જયરાજભાઈ નરેન્દ્રભાઈ વાળાએ ફાયનાન્સને રૂા. ૫૦,૦૦૦નો ચેક જામીન દરજજે આપતાં અને આ ચેક બાઉન્સ થતાં ફાયનાન્સનાં પ્રોપરાઈટર રાજદીપભાઈ જયંતીભાઈ રાણવાએ અમરેલી ચીફ કોર્ટમાં ફોજદારી કેસ દાખલ કરતાં પુરાવાના અંતે અમરેલીના બીજા એડી.સીની. સીવીલ જજ અને એડી.ચીફ.જયુ.મેજી.સા. ધર્મેશભાઈ પ્રવિણચંદ્ર ઓઝા તરફથી આરોપીને બે વર્ષની સાદી કેદની સજા તથા રૂા. ૫૦,૦૦૦ની દોઢી રકમ હુકમની તારીખથી દિન–૩૦માં ચુકવવા હુકમ કરેલ છે. ચેકની રકમ આરોપી ન ભરે તો વધુ ૪ માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરેલ છે અને ફાયનાન્સના વકીલ તરીકે અમરેલીના સીનીયર ધારાશાસ્ત્રી એ.સી. વરીયા રોકાયેલ હતા અને કાયદા કાનુની રજુઆત થતાં કોર્ટે સજા અને વળતરનો હુકમ કરતાં ફાયનાન્સના બાકીદારોમાં ફફડાટ ફેલાવા પામેલ છે. તેવું શ્રોફની યાદી તરફથી જાણવા મળ્યું છે.

## ભાગીયુ રાખેલ વાડીએ

# વડિયાનાં બાંભણીયા ગામે પરિણીતાએ ઝેરી દવા ગટગટાવી

**સારવાર દરમિયાન મોત થયું**

અમરેલી, તા. ૧૯

મુળ મધ્યપ્રદેશના વતની અને હાલ વડીયા તાલુકાના બાંભણીયા ગામે ઘુસાભાઈની વાડીમાં રહેતી ભમતીબેન કાળુસિંગ પચાયા નામની ૪૬ વર્ષિય પરિણીતાએ ગત તા. ૧૬ના રાત્રીના આઠેક વાગ્યે બાંભણીયા ગામની સીમમાં પોતાની ભાગવી રાખેલ વાડીએ કોઈ અગમ્ય કારણોસર પોતાની મેળે ઝેરી દવા પી લેતા સારવાર દરમ્યાન મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## જુની હળીયાદ ગામે રહેતાં ચાલક વિરૂધ્ધ ફરિયાદ

# બગસરામાં કાર ચાલકે હડફેટે લેતાં બાઈક સવાર તરૂણનું કમકમાટીભર્યુ મોત

**જિલ્લામાં માર્ગ અકસ્માતની ઘટના ચિંતાજનક**

અમરેલી, તા. ૧૯

બગસરા તાલુકાના જુની હળીયાદ ગામે રહેતા રહેમાન અલ્લારખભાઈ ફકીર નામનાં કાર નં. જી.જે.–૧૬બીકે–૨૩૪૦ના ચાલકે આ કામના આરોપીએ બગસરા ગામે મફતીયાપરા, જેતપુર રોડ, શાળા નં. ૪ની સામે રોડ ઉપર પોતાના હવાલા વાળી કારને પુરઝડપે અને બેફિકરાઈથી ચલાવી બગસરા ગામે મેઘાણી આવાસ, જેતપુર રોડ ઉપર રહેતા વિનુભાઈ દેવાભાઈ મકવાણાના દિકરા પ્રિન્સ નામનાં ૧૬ વર્ષિય તરૂણના મોટર સાયકલ નં. જી.જે.–૧૪એસ–૩૦૬૦ની સાથે ભટકાવી તરૂણને માથામાં તથા ડાબા હાથ તથા પગમાં ગંભીર ઈજાઓ કરી મોત નિપજાવી દીધાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## અવિરત વરસાદે ચિંતા વધારી દીધી

# બગસરા પંથકમાં વરસાદનો આંક ૫૦ ઈંચથી માત્ર ૩ ઈંચ દૂર રહ્યો

**મગફળી અને કપાસનાં પાકને વ્યાપક નુકસાન**



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧૯

બગસરા પંથકમાં ચોમાસા દરમિયાન ૪૭ ઈંચ જેટલો વરસાદ પડેલ છે. જેના હિસાબે અહીંનો મૂંજીયાસર ડેમ પણ ભરાય ગયો છે. જયારે આવીરત પડી રહેલ વરસાદના લીધે ખેડૂતોની માઠી દશા બેસી ગઈ છે. અનેક પાકો જેવા કે મગફળી, કપાસ તેમજ સોયાબીન જેવા પાકો માં વ્યાપક નુકસાન થયું છે. જયારે બગસરા પંથકમાં કુલ જમીન ૨૯૮૯૫ હેકટર ખેતીની જમીન છે. જેમાં મગફળી ૪૭૮૪ હેકટરમાં અને કપાસ ૧૪૦૭૨ હેકટરમાં તેમજ સોયાબીન ૬૫૨૪ હેકટરમાં વાવેતર કરવામાં આવેલ છે. બગસરા પંથકમાં આ વર્ષ ચોમાસાની સિઝનમાં ૪૭ ઈંચ ૧૧.૮૮ મિમી વરસાદ પડેલ જેમાં મગફળીના પાકમાં વ્યાપક વરસાદ પડતાં મગફળીના પોપટામાંથી દાણા ઉગી ગયેલ અને પાક બળી ગયેલ અને કપાસના ફૂલ ખરી ગયેલ અને ઢળી પડેલ તેમજ સોયાબીનનો પાક બળી ગયેલ અને છોડ ઢળી પડેલ જેથી ખેડૂતોમા વ્યાપક નુકસાન સહન કરવાનો વારો આવેલ છે. કુદરતે જાણે મોંમાં આવેલ કોળિયો છીનવી લીધો હોય તેવી કપારી હાલત ખેડૂતોની થઈ ચુકી છે. જેથી આવી કપારી સ્થિતિમાં સરકાર દ્વારા ખેડૂતોની જમીનોનું સર્વે કરી આ વાવેતરનું પણ સર્વે કરી જગતના તાતને ઉગારવા માટે સહાય આપે તેવી માંગ કરી રહ્યા છે. અને જિલ્લા વિકાસ અધિકારી, તાલુકા વિકાસ અધિકારી, મામલદાર તેમજ પ્રાંત અધિકારીને તાલુકા પંચાયાતના સદસ્ય શારદાબેન બાબુભાઈ સતાસિયા દ્વારા લેખિતમાં અરજી પણ કરવામાં આવી છે. તત્કાલ અહીંના વિસ્તારનું સર્વે કરી વળતર આપે તેવી માંગ ઉઠી છે.

# નોંધણવદર ગામે રહેણાંક મકાનમાંથી વિદેશી દારૂ ઝડપાયો

અમરેલી, તા. ૧૯

બાબરા તાલુકાના નોંઘણવદર ગામે રહેતા જયરાજભાઈ મામકુભાઈ વાળાએ વગર પાસ પરમીટે પોતાના રહેણાંક મકાને ભારતીય બનાવટનો વિદેશી દારૂની અલગ–અલગ બ્રાન્ડની બોટલ નંગ–૧૯૦ કુલ રૂપિયા ૯૨,૩૩૮નો મુદ્દામાલ પોતાના રહેણાંક મકાને રાખેલ હોવાની બાતમી સ્થાનિક પોલીસને મળતાં પોલીસે દરોડો પાડી મુદામાલ જપ્ત કરેલ. જયારે રેઈડ દરમ્યાન હાજર નહિ મળી આવતા પોલીસે તેમની શોધખોળ આદરેલ છે.

## કોઈ અગમ્ય કારણોસર પગલુ ભર્યુ

# ખાંભા : મોટા આગરીયા ગામે પરિણીતાએ ગળાફાંસો ખાઈ લીધો

**નાના એવા ગામમાં અરેરાટીનો માહોલ**

અમરેલી, તા. ૧૯

ખાંભા તાલુકાના ખોડી સમઢીયળા ગામે રહેતા નારણભાઈ ગોવિંદભાઈ સોલંકી નામનાં ૭૦ વર્ષિય વૃધ્ધની દિકરી મુનીબેન ગત તા. ૧૮નાં બપોરનાં ૧૨:૩૦ વાગ્યા પહેલા કોઈપણ સમયે મોટા આગરીયા ગામે પોતાના પતિના ઘરે એકલી હોય. ત્યારે કોઈ અગમ્ય કારણસર પોતે પોતાની મેળે ગળામાં સાડી બાંધી પતરાની એંગલ સાથે સાડી બાંધી ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

# બાબરાની કાળુભાર નદીમાં આસો મહિનામાં પુર આવ્યુ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૯

બાબરામાં શહેર સહિત ઉપરવાસના ચમારડી, ચરખા અને ઉટવડ સિમ વિસ્તારોમાં સારો વરસાદ પડતાં શહેર ની કાળુભાર નદી બે કાંઠે વહેવા લાગી હતી નદીમાં ભારે પુર આવતા આસો મહિનામાં પ્રથમવાર નદીમાં પુર આવતા શહેરના લોકો કુતુહલ વશ જોવા ઉમટી પડયા હતા.

## એક યુવકને મોટી રકમ આપ્યા બાદ

# જાફરાબાદમાં વગર લાયસન્સે નાણા આપી ઊંચુ વ્યાજ વસુલતા 3 ઈસમો વિરૂધ્ધ ફરિયાદ

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી**

અમરેલી, તા. ૧૯

જાફરાબાદ ગામે રહેતા સમીરખાન નજીરખાન પઠાણ, ઈકબાલ ઉર્ફે ગંગો જાકુભાઈ થૈયમ, એજાજ ઉર્ફે માથાળો હસનભાઈ થૈયમ નામના આરોપીઓ પાસે નાણા ધીરધારનું કોઈ લાયસન્સ ન હોવા છતાં જાફરાબાદ ગામે તુર્કી મોહલ્લા, જુની કોર્ટ પાછળ રહેતા અજીમભાઈ સલીમભાઈ ભટ્ટી નામનાં ૪૦ વર્ષિય યુવકને કુલ રૂપિયા ૬૯,૫૦,૦૦૦ ઉંચા વ્યાજ દરે આપી ઉંચુ વ્યાજ દર લગાડી કુલ વ્યાજે પેટે રૂપિયા ૬૦,૧૫,૦૦૦ ઉઘરાવી એમ કુલ રૂપિયા ૧,૨૯,૬૫,૦૦૦ યુવકેએ ચુકવી આપેલ હોવા છતાં આરોપીઓએ અવાર–નવાર યુવકની દુકાને આવી યુવક પાસેથી વ્યાજની પઠાણી ઉઘરાણી કરી જેમફાવે તેમ ગાળો આપી યુવક તથા તેના પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની યુવકે ત્રણ સામે ફરિયાદ નોંધાવી છે.

## જાગૃત નાગરિક જીજ્ઞેશભાઈ ગોલની ફરિયાદ

# અમરેલીનાં કેરિયા રોડ સહિતનાં વિસ્તારોમાં થતી માર્ગની કામગીરીમાં દે ધનાધન

**શહેરી વિકાસ વિભાગનાં સચિવને પત્ર પાઠવ્યો**

અમરેલી, તા. ૧૯

અમરેલીનાં જાગૃત નાગરિક જીજ્ઞેશભાઈ ગોલે શહેરી વિકાસ વિભાગનાં સચિવને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલી નગરપાલિકા દ્વારા થતા સેવા કામગીરી જેવી કે રોડ રસ્તા બનાવવા, આરોગ્ય લક્ષી દવા છટકાવ કે ડી.ડી.ટી. પાઉડર છટકાવ કરવા કે સફાઈ સબંધે ઘન કચરાની કાર્યવાહી કે કામગીરી નહી કરી જેમકે સી.સી. રોડની મીનીમમ કોંકટ્રી સાઈઝ કે ભરાઈ સી.સી. ઓછામાં ઓછા ૪ – ૭ (ચાર – ૭) ઈચની સાઈઝ પ્રમાણે કામગીરી નહી થવા તેમજ રોડ રસ્તાના બ્લોક વપરાશ ઉપકરોત નબળા પ્રકારના બ્લોક એટલે કે સ્ટ્રેન્થ કે મજબુતાઈ વગરના બ્લોક પાથરવાની કામગીરી કરે છે અને એક વિસ્તારમાં જરૂરીયાત કરતા વધારે બ્લોક પાથરવાની કામગીરી કરીને ભ્રષ્ટાચાર કરવાનો પ્રયત્ન કરે છે. ખાસ કરીને આવા કામ પદાધિકારીના કુટુંબનાં સભ્ય અગર નગરપાલિકાના, ગર્વમેન્ટ માન્ય આર્કીટેકટ, સુપરવાઈઝર વ્યકિતઓ કામગીરી કરે છે. તેની તેનો કોઈ વિરોધ કરી શકતા નથી અને કેરીયા રોડ ઉપર બ્લોક પાથરવાનું કામ ૧૫૦૦ થી ૨૦૦૦ બ્રાસ કરતા વધારે કામગીરી કરેલ છે તે તમામ પ્રકારની કામગીરી ખુબ જ નબળી કક્ષાની કરેલ હોય બ્લોક એકદમ નબળા પ્રકારના મટીરીયલવાળી બનાવેલ બ્લોક ફીટ કરેલ છે. યોગ્ય લેબોરેટરી સરકાર માન્ય, સરકારી સંસ્થા અગર ખાનગી લેબોરેટરીમાં તપાસ કરાવી જરૂરી છે. તે બ્લોક તપાસણી લેબોરેટરીમાં અમારા ખર્ચે કરાવવા તૈયાર નગરપાલિકાના સદસ્ય દ્વારા પણ અવારનવાર રજુઆત કરેલ છે. પરંતુ સતા પક્ષ અને વિરોધપક્ષના બહાના હેઠળ ફરીયાદ ધ્યાને લઈ પદાધિકારી ચીફ ઓફિસરને પણ દબાણવૃતિ કરીને ફરીયાદ આગળ ચલાવવા દેતા ન હોય તે તમામ રજુઆત મુજબ તપાસ થવી ખુબ જ જરૂરી હોય, રજુઆત મુજબ આપના તાબાની કચેરીના ઈમાનદાર કર્મચારી અધિકારીને તપાસણી કરવા ફીઝીકલી મોકલીને તપાસ કરવામાં આવે તો કરોડો રૂપીયાનો ભ્રષ્ટાચાર ખુલ્લો પડે તેમ સંસ્થાના ચીફ ઓફિસરને પણ આવા ભ્રષ્ટાચારમાં ગળાડુબ હોય તે વિગતો, તેની પણ તપાસ કરીને આવત કરતા સંસ્થાને વધુ મળે તેવી શકયતા છે. તેમ અંતમાં જણાવેલ છે.

# રાજુલાના ગાયત્રી મંદિર ખાતે ધાર્મિક કાર્યક્રમો યોજાયા



રાજુલા, તા. ૧૯

રાજુલા શહેરમાં આવેલ તળાવ કિનારે આવેલા ગાયત્રી મંદિર ખાતે વિશે ઉજવણી આયોજન કરવામાં આવેલું જેમાં ખાસ કરીને શરદ પૂર્ણીમા નિમિત્તે વેદમાતા ગાયત્રી મંદિરનાં ૩૬ વર્ષ પૂર્ણ થતાં, મંદિરે પાટોત્સવ માં પંચકુડી યજ્ઞનું આયોજન કરેલ યજ્ઞમાં પ્રફુલભાઈ, જીગ્નેશભાઈ, હેમાંગભાઈ, ચિંતનભાઈ, નંદલાલભાઈ યજ્ઞમાં આહુતિ આપવામાં આવશે, જેમાં મનોજભાઈ વ્યાસ, પ્રજ્ઞેશભાઈ ઉપાદયાય, અજયભાઈ પાઠક, ભરતભાઈ મહેતા, પ્રહલાદભાઈ જાની, મહેશભાઈ વ્યાસ, પ્રવિણભાઈ ત્રિવેદીએ યજ્ઞ અને ભોજન સમારંભનું આયોજન કરેલ.

## જીલ્લા પંચાયતનાં સદસ્ય વિપુલ દુધાતની રજૂઆત

# લીલીયામોટા : મામલતદાર કચેરીમાં નવા આધારકાર્ડની કામગીરી શરૂ કરવા માંગ

**ધારાસભ્ય મહેશ કસવાલાને પત્ર પાઠવ્યો**

લીલીયા મોટા, તા. ૧૯

લીલીયા મોટાની મામલતદાર કચેરીમાં આધારકાર્ડની કામગીરી શરૂ કરવા માટે જીલ્લા પંચાયતનાં સદસ્ય વિપુલ દુધાતે માંગ કરી છે.

ધારાસભ્ય મહેશ કસવાલાને પાઠવેલ પત્રમાં જણાવેલ છે કે લીલીયા મામલતદાર કચેરીમાં આધારકાર્ડ કાઢવાનું ઘણા સમયથી બંધ છે જેના કારણે લોકોને અમરેલી જવું પડે છે. અમરેલી સુધી જવામાં લોકો જવામાં લોકો ખુબ જ હેરાન થાય છે અને ત્યાં પણ ઘણી વખત નેટ કે આધારકાર્ડની વેબસાઈટ બંધ હોય છે ત્યારે આધારકાર્ડ લગત કામગીરી ના થવાથી તમામ લોકોને વારંવાર ધકકા ખાવ પડે છે અને લીલીયા તાલુકાની શાળાના બાળકોને શિષ્યવૃતિ માટે આધારકાર્ડ અપડેશન અને ઈ–કેવાયસી માટે તાલુકાની તમામ શાળાઓમાંથી બાળકો મામલતદાર કચેરીમાં આવે છે પરંતુ મામલતદાર કચેરીમાં આધારકાર્ડ અપડેશન અને ઈ–કેવાયસી માટે એક જ સ્ટાફ હોવાથી ખુબ જ મોટી લાઈનો થાય છે, બાળકોની સાથે વાલીઓએ પણ ધંધો રોજગાર બંધ રાખીને આવે છે પરંત ખુબ લાંબી લાઈનના કારણે આધારકાર્ડ અપડેશન અને ઈ–કેવાયસીની કામગીરી પુર્ણ થતી નથી અને બાળકો અને વાલીઓને પણ વારંવાર ધકકા ખાવા પડે છે જેથી જાહેર જનતાના હિતમાં લીલીયા મામલતદાર કચેરીમાં નવા આધારકાર્ડ કાઢવાનું તથા આધારકાર્ડ સુધારા વધારા, અપડેશન અને ઈ–કેવાયસી માટે સ્ટાફ વધાવરા અંતમાં માંગ કરેલ છે.

### ગણતરીની મિનિટોમાં ૧ થી ૨ ઈંચ જેટલો વરસાદ પડયો

# બાબરા પંથકમાં આસોમાં અષાઢી માહોલ જોવા મળ્યો

ચમારડી, વલારડી, વાવડી, ધરાઈ, દરેડ, ખીજડીયા, ખાખરીયા સહિતનાં ગામોમાં પણ દે ધનાધન

મગફળી, કપાસ સહિતનાં પાકને વ્યાપક નુકસાન થતાં ખેડૂતો ચિંતામાં ગરકાવ

ખેડૂતોનાં મોઢે આવેલ કોળીયો છીનવાઈ જતાં પરેશાની વધી

સ્થાનિક કોઝવેમાં પાણી આવી જતાં અવરજવર બંધ થતાં જનતાને મુશ્કેલી


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૯

બાબરા પંથકમાં મેઘરાજાએ જાણે મુકામ કર્યા હોય તેમ દરોજ બપોર બાદ મેઘરાજાનું આગમન થઈ રહ્યું છે. સુપડાની ધારે અને ભારે પવન સાથે વરસાદ શરૂ થતાં ખેડૂતોને ચિંતામાં વધારો જોવા મળી રહ્યો છે. સતત વરસાદના કારણે મગફળી અને કપાસના પાકને ભારે માત્રામાં નુકસાન થઈ રહ્યું છે. ખેડૂતોને માથે ઓઢી રોવાનો વારો આવી રહ્યો છે, ખેડૂતોને મોઢે આવેલ કોળ્યો ઈરે આચકી લીધો હોય તેવી લાગણી ખેડૂતોમાં જોવા મળી રહી છે.

બાબરા શહેર સહિત તાલુકા ચમારડી, ધરાઈ, ગળકોટડી, દરેડ, કરીયાણા, વાવડા, સુખપર, મોટા દેવળીયા સહિત તાલુકાના તમામ ગામડાઓમાં વરસાદ પડતાં ખેડૂતોના પાકને ભારે નુકસાન થયું છે. હાલ ખેડૂતો મગફળી તેમજ કપાસ ના પાક લેવાની તૈયારીઓ કરી રહ્યા છે એવા સમયે કમોસમી વરસાદથી પાકને ભારે માત્રા નુકસાન થયું છે. ખેતરોમાં મગફળીના પાથરા પલળી જતા બગડી ગઈ છે તેમજ કપાસનાં દોડવા નીચે પડી જતા ફાળ નિષ્ફળ ગયો છે.

તાલુકાનાં ગ્રામ્યવિસ્તારોમાં ચમારડી સહિતના ગામોમાં ભારે વરસાદના કારણે કોઝવેમાં પાણી આવી જતા લોકોની અવરજવર અટકી ગઈ હતી જેના કારણે મુશ્કેલીઓનો સામનો કરવાની ફરજ પડી હતી.

હાલ સતત વરસાદના કારણે કપાસ, મગફળી જેમાં તાલુકામાં સૌથી વધુ વાવેતર મગફળીનું કરવામાં આવ્યું છે જેમાં ખુબજ નુકશાન થયું છે તેમજ શાકભાજી, મરચી અને અડદ, મગ સહિત કઠોળના પાકને પણ નુકસાન થયું હોવાનું ખેડૂતોમાંથી જાણવા મળ્યું છે.

### એકવીસમી સદીમાં પણ તાંત્રિકવિધિનું દુષણ યથાવત

# ખાંભાનાં નાના બારમણ ગામનાં ખેડૂતની સાથે તાંત્રિકવિધિનાં નામે છેતરપીંડી

### સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી

અમરેલી, તા. ૧૯

ખાંભા તાલુકાના નાના બારમણ જુનું ગામ શંકર મંદિરની બાજુમાં રહેતા દેવશીભાઈ મનુભાઈ શ્યાસ નામનાં ખેડૂતે લીધેલ મકાનમાં અવાર નવાર સાપ નીકળતો હોય. જેથી તેજ ગામે રહેતા શૈલેષભાઈ લાભુભાઈ મકવાણાએ તાંત્રિકવિધીના બ્હાને ખેડૂત પાસેથી રૂપિયા ૧,૯૦,૫૦૦ લઈ લીધા બાદ આ કંઈ તાંત્રિકવિધી ના થતાં શૈલેષભાઈ વિરૂધ્ધ ખેડૂતે તેમની વિરૂધ્ધ ફરીયાદ/અરજી કરતા ખેડૂતના પડોશી હરેશભાઈ સુમરાજભાઈ કોટીલાએ પૈસા પતાવી આપવાનું કહી અને શૈલેષભાઈ વિરૂધ્ધ અરજી પરત ખેંચી ખેંચાવી અને રૂપિયા ૧,૦૦,૦૦૦ લઈ સમધાન કરવાનું કહેતા ખેડૂતે તેમની વાત માની અરજી પાછી ખેંચી લઈ સમાધાન કરેલ હતું. પરંતુ બાદમાં આ હરેશભાઈ સુમરાજભાઈ કોટીલાએ શૈલેષભાઈના પિતા લાભુભાઈ મોહનભાઈ મકવાણા તથા તેમના કાકા રમેશભાઈ મોહનભાઈ મકવાણા પાસેથી ખેડૂત વતી તેમને રૂપિયા ૧,૦૦,૦૦૦ આપવાનું નકકી કરી તે અંગે સ્ટેમ્પ લખાણ કરાવી ખેડૂત તથા ભાવેશ બી. રાઠોડના નામના વ્યકિતની સાક્ષીમાં તેમની પાસેથી રૂપિયા ૧,૦૦,૦૦૦ મેળવી લઈ આરોપી હરેશભાઈ સુમરાજભાઈ કોટીલાએ તેમના ખાતામાં જમા કરાવી તે પૈસા ખેડૂતને નહીં આપી તેમની પાસે રાખી હરેશભાઈ સુમરાજભાઈ કોટીલાએ ખેડૂત સાથે ઠગાઈ છેતરપિંડી કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.







### એએચપીનાં અગ્રણી ડો. ગજેરાએ ચિંતા વ્યકત કરી

# અમરેલી જિલ્લા સહિત રાજયમાં અનેક સ્થળોએ શરૂ થયેલ કેફી દ્રવ્યનું સેવન અતિ જોખમી

### વાલીઓ, સમાજ અને સરકારે સાવચેત રહેવું જરૂરી



અમરેલી, તા. ૧૯

અમરેલી એએચપીનાં અગ્રણી ડો. ગજેરાએ એક નિવેદનમાં જણાવેલ છે કે, તાજેતરમાં અમદાવાદમાં બે બાળકો કે જેઓ ધો. ૧૦–૧૨ મા અભ્યાસ કરતા હતા તેઓનાં ટેસ્ટ કરાવ્યા તો તેના શરીરમાં કોકેન નામના કેરી ડ્રગ્સ જોવા મળ્યું, આ ઉમરમાં જો તેઓ ડ્રગ્સનાં બંધાણી થઈ જાય તો તેઓની ઉમર વધશે ત્યારે શું થશે ? લગભગ દરેક શહેરમાં કેરી ડ્રગ્સનાં બંધાણી જોવા મળી રહયાં છે. આવા ડ્રગ્સનાં બંધાણી ખાસ કરીને કોલેજની હોસ્ટેલમાં ભણતા વિદ્યાર્થી–વિદ્યાર્થીનીઓમાં બહુ જોવા મળે છે. ભવિષ્યમાં આ પેઢીની શું હાલત થશે તેની કલ્પના કરો તો આપણાં મનમાં કંપારી છૂટી જાય છે. ગુજરાતમાં દરિયાકાંઠે કરોડો–અબજો રૂપિયાનું ડ્રગ્સ પકડાય છે તે આપણે રોજબરોજ અખબારમાં વાંચીએ છીએ. આ તો જેટલું પકડાય એટલું ધ્યાનમાં આવે છે, ન પકડાતું કેટલું રાજયમાં ઘુસી જતું હશે ? તેનો અંદાજ લગાવવો મુશ્કેલ છે. આને તંત્રની બેદરકારી કહેવી કે ડ્રગ્સનાં વેપારીઓ સાથેની સીંઠગાંઠ ?

આ ડ્રગ્સનાં બંધાણીઓમાં અમરેલી જિલ્લો પણ બાકાત નથી. અમરેલીમાં થોડા સમય પહેલા ડ્રગ્સ બનાવવાનું કેમીકલ પકડાયું હતુ, ભુતકાળમાં એક મોટી કોલેજની હોસ્ટેલમાં પણ રા માટે નિષ્ફળ દરોડો પાડવામાં આવેલ હતો. આ શું દર્શાવે છે ? શું તંત્રને આ લોકોના નેટવર્કની ખબર નહિ હોય કે પછી આંખ આડા કાન કરીને બધુ ચાલવા દેવામાં આવે છે.

યુવાવર્ગના માતાપિતા તથા વાલીઓને આ બાબતે ચિંતા તથા ચિંતન કરવાની જરૂર છે. પોતાન દિકરા–દિકરીઓ ઘરે આવે ત્યારે તેની વર્તણુકમાં ફેરફાર, ઘેનની અસર, ચીડીયો સ્વભાવ વગેરે લક્ષણો જોવા મળે તેમની ડ્રગ્સનાં બંધાણ વિશે તપાસ કરવી જોઈએ અને જો શંકાસ્પદ લાગે તો આ બંધાણ છોડાવવા માનસિકરોગનાં નિષ્ણાંત ડોકટરની સલાહ લેવી જોઈએ.

જો આવનારી પેઢીને બચાવવી હોય, માઈકાંગલા થતાં બચમવવી હોય, નપુસંક બનતા અટકાવવી હોય તો ઉપરની બધીજ કાળજી માતાઓએ અને સમાજે સક્રિય રસ લઈને રાખવી પડશે.





વેચવાની છે
સેવરોલેટ એન્જોય મોડલ–૨૦૧૩
(૮–સીટર) ટીપટોપ કન્ડીશન,
ફુલ વિમો, ચાર નવા ટાયર,
કમ્પલીટ ગાડી, મોટા ફેમીલી માટે
અથવા ભાડામાં ચાલે તેવી ગાડી
તાત્કાલીક વેચવાની છે.
સંપર્ક કરો મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે
આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં
ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦















ફિલ્મી સફર (એક ઈતિહાસ)

હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬

**પ્રકરણ : ૨૦૧૨– ૧૯૬૨**

**પિયા એસો જીયા મે સમાઈ ગયો રે.. કી મે તનમન કી સુધ બુધ ગવા**
**મેરી બાત રહી મેરે મન મે, કુછ કેહ ના શકી.. ઊલ્ઝન મે..**
**ન જાઓ સઈયાં.. છૂડા કે બાઈયા.. કસમ તુમ્હારી. મે રો પડુંગી ભવરા બડા નાદાન હાય... બગીયન કા મેહમાન હાય.. ફીર ભી જાને**
**પ્રિય વાચક મિત્રો,**


આજની ફિલ્મ ગુરૂદતની ફિલ્મ છે, જયારે વાસ્તવિક જીવનમાં પ્રેમ અને લાગણી શોધતા આ કલાકારોને અહી અત્યંત સવેન્દંશીલ ફિલ્મમાં પ્રેમને કેમ પ્રાપ્ત કરવો તે બતાવતા દર્શાવ્યું છે, ત્યારે તેમના અંગત જીવનની લાગણીઓને અહી વાચા મળી છે. ગુરૂદત અને વહિદા ના પ્રેમની વાત અગાઉ થઈ ગઈ છે, ગુરૂદતે તેની ફિલ્મ કાગઝ કે ફૂલમાં તેના અંગત જીવનને ચિત્રિત કર્યુ હતું, અરે. ત્યાં સુધી કે તેના જીવનનો અંત કઈ રીતે થસે તે પણ તેણે ચિત્રિત કર્યુ હતું, આવું ચિત્રિ કરણ કરવું એ કોઈ સામાન્ય ગજાના કલાકારનું કામ નથી, જેની છઠી ઈન્દ્રિય જાગૃત હોય, જેને આવનાર સમયની જાણ તેનો આત્મા કરી દેતો હોય, તેવા વ્યક્તિ જ આવી ફિલ્મ બનાવી દુનિયાને બતાવી શકે છે કે, આગળ શું થવાનું છે. આવી ફિલ્મો બનવીહવે શકય નથી, અને તેથી જ ભારતીય સિનેમામાં નવા કલાકારોને અભ્યાસ કરાવમાં માં આવે છે, તેમાં આ ફિલ્મો ના પાઠ આવે છે, અને ગુરૂદતની ત્રણ ફિલ્મોના પાઠ હાલના સમયમાં પણ વિદ્યાર્થીને અભ્યાસમાં આવે છે. પ્યાસા, કાગઝ કે ફૂલ અને સાહિબ બીબી એર ગુલામ આ ફિલ્મના પાઠ આજે પણ ફિલ્મના અભ્યાસમાં સમાવિષ્ટ છે.ગુરૂદતને તેની પત્ની ગીતા દત, છોડી જતી રહી છે, તેના બાળકોના પ્રેમથી પણ ગુરૂદત વાસ્તવિક જીવનમાં તરશ્યો છે, વહિદા તેને ચાહે છે, તેની સાથે ફિલ્મો કરવાની ના કેહતી નથી, કે વાસ્તવિક જીવનમાં મળવાની ના નથી પાડતી, પણ લગ્ન કરી તેની સાથે જીવન પસાર કરવા ની ના કહે છે, વહિદા પણ માનસિક રીતે પરેશાન છે, તે ગુરૂદતને સ્વીકારી શક્તી નથી કે નથી તેનો ત્યાગ કરી શક્તી. મનની વિટબનાઓ તેને સતાવી રહી છે. તો મીના કુમારી તેના પતિ કમાલ અમરોહીના શંકા શીલ સ્વભાવથી કંટાળી ગઈ હતી, સાહેબ બીબી એર ગુલામ ફિલ્મને બર્લિન ફિલ્મ ફેસ્ટિવલમાં સામેલ કરવામાં આવી, અને મીના કુમારીને તેના અભિનયના લીધે તેના પ્રતિનિધિત્વ માટે બર્લિન મોકલવાના હતા, તે સમયના પ્રસારણ મંત્રી સત્ય નારાયણ સિંહા એ તેમની અને તેના પતિ કમાલની બેટિકિટ બુક કરાવી હતી, પણ કમાલનું અભિમાન અને તેના ઘમંડના લીધે તેઓ બર્લિનના ગયા, મીનાને જે ત્રાસ કમાલ તરફથી મળતો હતો, તેની વાત અગાઉ થઈ ગઈ છે, પણ મીના હવે તેમની સાથે રહી શકે તેમ ના હતા, અને તેઓ તેમની વાસ્તવિક જીવનમાં શરાબનો સહારો લેતા થઈ ગયા હતા, સાહેબ બીબી એર ગુલામ માં પણ તેના પતિના પ્રેમને પામવા મીના શરાબ સ્વીકારે છે, અને શરાબની લત લાગી જાય છે, જે તેમના વાસ્તવિક જીવનમાં થઈ રહ્યું હતું, તે ગુરૂદતે અહી ચિત્રિત કર્યુ હતું.ફિલ્મની કથા ૧૯૦૦ સદીના અંત અને ૨૦૦૦ ની સદીના શરૂઆતના સમયની છે, વિદેશી તાકાત ધીમે ધીમે ભારતના રાજા અને રજવાડા પર કબ્જો જમાવી રહી હતી, ભારતના મોટા ભાગના રજવાડા શરાબ, વેશ્યા ગમન, અને ઐયાસીમાં ધીમે ધીમે બરબાદ થઈ રહ્યા હતા, અહી બંગાળ ના એવા રાજવી પરિવારની કથા છે, જેમાં ઠાકુરભાઈઓ વેશ્યા ગમન અને શરાબના સહારે જીવે છે, તેમની પત્ની આને તેઓ સુંદરતાની મુર્તિ સમજે છે, અને પ્રેમથી વંચિત રાખે છે, અને વેશ્યા સાથે સંબંધ બાંધી પોતાને શૂરવીર બતાવે છે, ધીમે ધીમે આ રાજ રજવાડા બરબાદ થઈ જાય છે, અને તે જે નાયક ગુરૂદત એટલે કે ફિલ્મના પાત્ર ભૂતનાથને અંદરથી સંતાપ કરાવે છે, તે અહી અભ્દુત રીતે બતાવવામાં આવ્યું છે. જો આ ફિલ્મનો પાઠમાં ઉપયોગ થતો હોય તો હું અહી કેટલું લખી શકું ? તેથી ટૂંકમાં ફિલ્મની કથા, અને ગીત સંગીત ની વાત કરીયે.અબરાર અલ્વિના નિર્દેશન અને ગુરૂદતના નિર્માણમાં, ( કાગઝ કે ફૂલની નિષ્ફળતા બાદ ગુરૂદત નિર્દેશક તરીખે તેમનું નામ લખતા ના હતા, પણ દરેકને ખબર છે કે ફિલ્મના નિર્દેશનમાં ગુરૂદતનો ફાળો મુખ્ય હોય છે), વી.કે.મુર્તિની સિનેમા ઓટો ગ્રાફી, વાય.જી.ચૌહાણનું અડિટિંગ, શકીલ બદયુની ની કલમના ગીતો,, અને હેમંત કુમારનું યાદગાર મધુર સંગીત સાથે આ ફિલ્મમાં, ગુરૂદત, મીના કુમારી, વહિદા રેહમાન, રેહમાન, નાઝીર હુસેન, સપ્રૂ, ધુમાલ, પ્રતિમા દેવી, કૃષ્ણ ધવન, મીનું મુમતાઝ, રંજિતા કુમારી, એસ એન બેનર્જી, વિકર્મ કપૂર, હરિન્દ્રનાથથી અભિનીત આ ફિલ્મ ૧૯૬૨ માં સફળ રહી ના હતી, પણ વિશ્વમાં આ ફિલ્મ અને કથા અને અભિનયની પ્રસંસા થઈ હતી, બર્લિન ફિલ્મ ફેસ્ટિવલ માં આ ફિલ્મને સમાવવામાં આવી હતી. ત્યારબાદ ગુરૂદતની દુનિયાની વિદાય બાદ આ ફિલ્મને બહુમાન વધુ મળ્યું હતું. ગુરૂદત જ એવા કલાકાર છે જેમની સાત ફિલ્મોને ૧૯૮૦ના દસકમાં ભારતના લગભગ તમામ થિયેટરમાં ફરી પ્રદર્શિત સરકાર દ્વારા કરવામાં આવી હતી. ફિલ્મની કથા બંગાળી નવલ કથા સાહેબ બીબી એર ગુલામ પર આધારિત હતી. જેના લેખક વિમલ મિત્રા હતા. આ ફિલ્મ ને બેસ્ટ ફિલ્મ, બેસ્ટ અભિનેત્રી, બેસ્ટ નિર્દેશક અને સિનેમા ઓટો ગ્રાફીના એવાર્ડ પ્રાપ્ત થયા હતા. ગુરૂદતના નિર્માણમાં આ તેમની અંતિમ ફિલ્મ છે.ફિલ્મની કથા જોઈએ તો, ફિલ્મ ફલશ બેકમાં શરૂ થાય છે, ગુરૂદત એક હવેલી મજૂરો દ્વારા તોડી રહ્યો છે, અને તે હવેલી... ની સાથે તેની યાદો જોડાયેલી છે, તેને ભૂતકાળ યાદ આવે છે, અતુલ્ય ચક્રવર્તી એટલે કે ભૂતનાથ એટલે કે ગુરૂદત નોકરી માટે તેના જીજાજી પાસે આવે છે, તેના જીજા કૃષ્ણ ધવન એક રાજવી પરિવારમાં નોકરી કરે છે, ગુરૂદત તે હવેલીની ઝાકઝમાળ જોઈ અંજાઈ જાય છે, પણ તેને જલ્દી ખબર પડે છે કે, તે હવેલીના ઠાકુર સપ્રૂ અને રેહમાન ઐયાસીમાં જીવન વિતાવે છે, તેમના ખુશામતિયા આ એ તેમને રોજ વેશ્યા ગમન અને શરાબ ના રવાડે ચડાવી દીધા છે, ગુરૂદતને એક સિંદુરની કંપની જે નાઝીર ચલાવે છે, તેમાં નોકરી મળી જાય છે, નાઝીરની પુત્રી વહિદા સાથેની પેહલી મુલાકાત બાદ બન્ને એકબીજાને પસંદ કરે છે, પણ કોઈ કહતું નથી. ગુરૂદત જે સિંદુર કંપની માં કામ કરે છે, તે સિંદુરની માન્યતા એવી છે કે કોઈ પણ સ્ત્રી તે સિંદુર લગાવે તો તે તેના પતિને વશમાં કરી શકે છે, છોટી બહુ એટલે કે મીના કુમારી એક દિવસ એકાંતમાં ગુરૂદતને રાતે બોલાવે છે, એક અજનબી સ્ત્રી તેને એકાંતમાં રાતે એકલો બોલાવે તે વાતથી તેના વિચારોમાં ફેર પડતો નથી. મીના ગુરૂદતને તે સિંદુર લાવી આપવા કહે છે, કારણ કે મીનાનો પતિ રેહમાન તેના થી દૂર રહે છે, પતિના પ્રેમને પામવા તે સિંદુર મંગાવે છે, ગુરૂદત તેને સિંદુર આપે છે, તેજ અરસામાં તેના જીજા એક સ્વતંત્ર સેનાની નીકળે છે, અને વિદેશીના હાથે માર્યા જાય છે, ગુરૂદત ઘાયલ થાય છે, વહિદા તેની સારવાર કરે છે, બન્ને વધુ નઝીક આવે છે, પણ પ્રેમનો એકરાર કરતાં નથી. બીજી તરફ મીના પતિના પ્રેમને પામવા તૈયાર છે, અને પતિ કહે તેમ કરવા તૈયાર છે, ત્યારે તેના પતિ તેને ઘરમાં નાચવા અને શરાબ પીવાનું કહે છે, અને મીના પતિ પ્રેમ માટે શરાબ પણ સ્વીકારે છે.ગુરૂદતને ખબર પડે છે કે તે સિંદુરમાં કોઈ ચમત્કાર નથી, તો નોકરી છોડી દે છે, અને એક કોન્ટ્રાકટર સાથે જોડાઈ જાય છે, ઘણા સમય પછી તે નાઝીર ને મળવા જાય છે, તો નાઝીર, તેને તેની પુત્રી વહિદાના લગ્નનું આયોજનમાં મદદ માંગે છે, વહિદા અને ગુરૂદત ત્યારે પણ એકબીજાને પ્રેમનો એકરાર કરતાં નથી, પણ અંદરથી પીડાય છે. મીના શરાબી થઈ ગઈ છે, તે જાણી ગુરૂદતને ખુબજ દુખ થાય છે, કારણ કે મીનાને પ્રથમ વાર શરાબ પણ તેણે જ લઈ આપી હતી. મીનાનો પતિ થોડા દિવસ તેની પાસે રહે છે, પણ અંતે તે ફરી વેશ્યા પાસે પહોચે છે, ત્યાં તેના દુશ્મનો સાથે લડાઈમાં તે ઘાયલ થઈ જાય છે, અને પથારીમાંથી ઊભો થઈ શકે તેવી પરિસ્તીથીમાં નથી. બીજી તરફ નાઝીરનું નિધન થાય છે, પણ ગુરૂદત તેને આપેલ વચન મુજબ વહિદાને લગ્ન કરવાનું કહે છે, નાઝીર એક અછૂત હતા, અને વહિદાને પણ ગુરૂદત અછૂત માનતો હતો, પણ તેનો પ્રેમ તેને સ્વીકારવા તૈયાર હતો, વહિદા લગ્નની ના કહે છે અને કહે છે કે તેના લગ્ન તે એક વર્ષની હતી ત્યારે અતુલ્ય ચક્રવતી સાથે થઈ ગયા છે, અને તે અતુલ્યની ભાળ મેળવે, હવે ગુરૂદત જ અતુલ્ય છે, પણ તે વાત ત્યારે વહિદાને કહતો નથી. વહિદા અછૂત નથી ત પણ તેને ખ્યાલ આવે છે.આગામી અંકમાં રાજ પરિવારનું પતન, અને છોટી બહુ સાથેના અન્યાયની વાત અને સંગીત સાથે અને ધર્મેન્દ્રની ફિલ્મ સાથે મળ ીશું. આભાર. હિતેશ જોશી







# વૈશ્વીક સ્વાસ્થ્ય માટે આયુર્વેદ નવીનતા (ભાગ-૧)




આયુર્વેદનું હજારો વર્ષ જૂનું જ્ઞાન આપના સૌના ઘરોમાં પેઢ ીઓથી પ્રચલીતે છે જેને આપણે ઘરગથ્થુ વૈદક તરીકે ઓળખીએ છીએ. રસોઈ કરતાં કે ફટાકડા ફોડતા દાઝી ગયા ? ઘી ચોપડી દેવાનું કે કશુક વાગી જવાથી લોહી નીકળ્યું ? હળ દર દબાવી દેવાની, પેટ ખરાબ છે ? અજમો ફાકી જવાનો આપણાં રસોડામાં રહેતો મસાલાઓનો ગોળ ડબ્બો વાસ્તવમાં ઔષધોનો પટારો છે એમાની એક–એક આઈટમમાં ઔષધીય ગુણો છે.

આયુર્વેદ અને એલોપેથી વચ્ચેનો પાયાનો ફરક શું છે ખબર છે ? એલોપેથી દવાઓ પ્રયોગ શાળામાં કુત્રિમ વાતાવરણમાં બને છે ચકાસાય છે. બે–ચાર કે બહુ બહુ તો પાંચ – પચીસ વર્ષ સંશોધન થાય છે, જયારે આયુર્વેદના ઔષધો પ્રયોગ શાળામાં નહી રીયલ લાઈફના અનુભવો પરથી સિધ્ધ થાય છે. હળદર, લીમડા કે આદુના ગુણધર્મો જાણવા કોઈ આયુર્વેદાચાર્ય પ્રયોગ શાળામાં નહોતા ગયા. ટ્રાયલ એન્ડ એરર પધ્ધતિઓ સૈકાઓ સુધી સંશોધન થતું ત્યારે જઈને પુરવાર થતું કે હળદર કયાં કામ લાગે, ઈમ્યુનિટી વધારવા એનો વપરાશ કેવી રીતે કરી કરવાનો. એલોપેથીની એક પણ દવા દાળ – શાક – કઠોળમાં ઉમેરીને ખાઈ શકાય એવું સાંભળ્યુ છે કયારેય! એલોપેથીની દવા રસાયણોના સંયોજનમાંથી બને, આયુર્વેદ ઔષધીઓ કુદરતે ભેટ આપેલી વનસ્પતિ, જડીબુટ્ટીમાથી બને આયુર્વેદનું વિજ્ઞાન રાતોરાત નથી પ્રગટયું સદીઓ દરમ્યાન સંચિત થતું આવેલું જ્ઞાન છે. એલોપેથીની જેમ અમુક દવાઓ કરોડો ડોલરનો ધંધો કરી લીધોએ પછી એને હાનિકારક જાહેર કરીને એવા જ પ્રકારની બીજી દવા બજારમાં બજારમાં મૂકીને ફરી એકવાર કરોડોનો ધંધો કરવાની ચાલબાજી આયુર્વેદમાં નથી થતી શકય જ નથી, હજારો વર્ષ પહેલા હરડે, આમળા, ગળ ો, સૂંઠના જે ગુણ હતા અને જે રોગમાં કામ કરતી હતી તે આજે પણ કરે જ છે, ફાર્માલોબી તો નવી દવા બજારમાં મૂકે ત્યારે એમને ખબર જ હોય છે આ દવા કેટલી હાનીકારક છે. એની આડઅસરો કેટલી ભયાનક છે પણ એ બધા ટેસ્ટ – રિઝલ્ટ છુપાવી દેવામાં આવે છે.

આયુર્વેદને કોરોના પછી વધુ સ્વીકૃતિ મળી છે, જયારે કોઈપણ વ્યક્તિ, સમાજ, દેશ કે પધ્ધતિ ખરા સમયે એટલે કે મુશ્કેલીના સમયે કેમ વર્તે છે તેના ઉપરથી લોકોમાં તેનો વિશ્વાસ પ્રતિપાદીત થતો હોય છે, કોરોના ના કપરાકાલમાં આપણને બધાને અનુભવ છે કે આયુર્વેદની વિવિધ નુસ્ખાઓ (નાસ લેવો, ઉકાળા, સંશમની વટી.. વગેરે) આપણને કેવા ઉપયોગી થયા છે. આયુર્વેદના સૂત્રોને ઝાઝી ખટપટ વિના જીવનમાં ઉતારી શકીએ એવું વાતાવરણ ફરી એકવાર ભારતમાં સર્જાય ગયું છે. આમ તો હજારો વર્ષથી આ વાતાવરણ આપણાં દેશમાં છે. વચ્ચેની થોડીક સદીઓ દરમિયાન ખોરવાઈ ગયું હતું જે હવે પૂન : પાટે ચડી ગયું છે. કેટલાક વાંકદેખાઓ સોશિયલ મીડીયા અને વિકિપીડીયા દ્વારા દુષ્પ્રાચાર કરતાં રહે છે કે આયુષ મિનિસ્ટ્રી સ્યૂડો સાયન્સને પ્રમોટ કરે છે, આયુર્વેદને બનાવટી વિજ્ઞાન કહેનારાઓને ભગવાન સદબુધ્ધિ આપે અન્યથા પાકિસ્તાન જાવાના કાયમી વિઝા આપે.આયુર્વેદ ચિકિત્સા પધ્ધતિએ આપણી મુળભુત અને પ્રાચીન ચિકિત્સા પધ્ધતિ છે. જે ભગવાન ધન્વંતરી જેવા અનેક ઋષીમુનીઓ (વૈજ્ઞાનિકો)ના સંશોધન અને અનુભવથી રચાયેલ સનાતન ચિકિત્સા પધ્ધતિ છે. જેનો મુખ્ય હેતુ લોકોને સ્વસ્થ રાખવા અને બિમાર પડે તો તેની સારવાર કરવાનો છે. આયુર્વેદ ચિકિત્સા પધ્ધતિના દિનચર્યા, ઋતુચર્યા, સદવ્રુત વગેરે સિધ્ધાંતોનું પાલન કરવાથી આપણી રોગ પ્રતિકારક શક્તિ વધે છે અને સિઝનલ (ઋતુજન્ય) તથા લાઈફ સ્ટાઈલ જન્ય રોગો સામે રક્ષણ મળે છે અને આપણે નિરોગી – દીર્ઘાયુષ્ય મેળવી શકીએ છીએ. આવા ઉમદા વિજ્ઞાનના પ્રણેતા ભગવાન ધન્વંતરીની જન્મ જયંતિ આસો વદ તેરસ (ધનતેરસ)ના દિવસે આવે છે, જેને ભારત સરકાર દ્વારા ‘ રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ’ તરીકે ઉજવે છે આગામી તા.૨૯/૧૦/૨૦૨૪ને મંગળવાર એટલે કે આસો વદ તેરસના રોજ આ વર્ષે નવમા ‘રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ’ તરીકે આપણે ઉજવીશું. દર વર્ષે જુદી – જુદી થીમને લઈને આયુર્વેદ દિવસની ઉજવણી કરવામાં આવે છે, જેથી લોકોમાં આયુર્વેદનો પ્રસાર વધે. આ વર્ષની થીમ વૈશ્વીક સ્વાસ્થ્ય માટે આયુર્વેદ નવીનતા (Ayurveda Innovation for Global Health ) છે. આયુર્વેદએ માત્ર ચીકીત્સા શાસ્ત્ર ન હોતા જીવન કેમ જીવવુંએ શીખવાડતું જીવન શાસ્ત્ર છે.

મંગલાચરણ :

**રાગાદીરોગાન સતતાનુંષકતાન શેષ કાયપ્રસુતાન શેષાન ।**
**ઔત્સુકયમોહાડરતિદાજજધાન યોડપૂર્વવૈધાય નમોડસ્તુ તસ્મૈ ।**

**અર્થાત:–** પ્રાણીઓના સમસ્ત શરીરમાં ઉત્પન્ન થનારા અને તેમને નિરંતર ચિંતા, મોહ અને શોક આપનારા તમામ રોગોનો જેમણે નાશ કર્યો તે અનાદિ વૈધ ને નમસ્કાર હો. આયુર્વેદ એટલે માત્ર દવાઓનું જ શાસ્ત્ર કે વિજ્ઞાન નહિ, એ તો છે માનવજીવનના સર્વાંગી વિકાસ માટેનું વિશિષ્ટ જીવન શાસ્ત્ર ! આ શાસ્ત્રમા સમગ્ર જીવંત સૃષ્ટિને ધબકતી રાખવાની, જીવનને એક નવી દ્રષ્ટિ આપવાની; વિશ્વનું કલ્યાણ કરવાની અને નવજીવન બક્ષવાની અભ્દુત ક્ષમતા અને શક્તિસમાયેલી છે;




આયુર્વેદ અથવા આયુર્વેદશાસ્ત્રએ ભારતીય ચિકિત્સા પધ્ધતિ છે, આયુર્વેદ એટલે કે જે શાસ્ત્રમાં આયુષ્ય અને રોગનું જ્ઞાન આપવામાં આવે છે. શરીર, ઈન્દ્રિય, સત્વ (મન) અને આત્માના સંયોગનું નામ આયુ છે. આધુનિક શબ્દોમાં એ જ જીવન છે. પ્રાણયુક્ત શરીરને જીવિત કહેવાય છે. આયુ અને શરીરનો સબંધ શાષ્વત છે. જે વિધા દ્વારા આયુષ્યની પ્રાપ્તિ થાયએ તંત્રને આયુર્વેદ કહેવાય. આયુર્વેદએ અથર્વવેદનો ઉપવેદ માનવામા આવે છે. આયુર્વેદ મનુષ્યના જીવિત રહેવાની વિધિ તેમ જ તેની પુર્ણ વિકાસના ઉપાયો બતાવે છે. તેથી આયુર્વેદ અન્ય ચિકિત્સા પધ્ધતિની જેમ એક ચિકિત્સા પધ્ધતિ માત્ર નહી, પરંતુ સંમ્પુર્ણ આયુષ્યનું જ્ઞાન છે. આયુર્વેદમાં આયુષ્ય હિત (પથ્ય આહાર વિહાર), અહિત (અપથ્ય આહારવિહાર), રોગના નિદાન અને વ્યાધિની ચિકિત્સા કહેવાય છે. પથ્ય આહારનું સેવન તેમ જ અપથ્ય આહારનો ત્યાગ કરવાથી મનુષ્ય પુર્ણ રૂપથી સ્વસ્થ રહી શકે છે. આયુર્વેદ અનુસાર સ્વસ્થ વ્યક્તિ જ જીવનના પરમ લક્ષ્ય ધર્મ, અર્થ, કામ, મોક્ષની પ્રાપ્તિ કરી શકે છે. પુરૂષાર્થ ચતુષ્પાદની પ્રાપ્તિનું મુખ્ય સાધન શરીર છે. એટલે શરીરની સુરક્ષા પર વિશેષ ધ્યાન આપતાં શરીરની રક્ષા કરવી જોઈએ. પ્રવર્તમાન વાતાવરણમા વિવિધ રોગોથી પીડાતો માણસ વિવિધ ચીકીત્સા પધ્ધતીને અપનાવતા, નવી નવી દવાઓના પ્રયોગના કારણે તેની આડ અસરથી વધારે પીડાતો થયો છે, ઉપરાંત નવા – નવા રોગોનું પ્રમાણ વધતું જતું હોવાથી અત્યારે આ યુગ પરિવર્તનના સમય મા જરૂર છે આયુર્વેદના કુદરતે બક્ષેલા ઊંડા જ્ઞાનને પામવાની, તેમાં રહેલા ગુઢ રહસ્યોને હાલના વિજ્ઞાનની એરણે ચડાવીને તેના સુંદર અને આશ્વર્યજનક પરિણામોને પારખવાની, કુદરતી શક્તિઓનો અનુભવ કરવાની અને આયુર્વેદના જ્ઞાનનું અંગત જીવનના આરોગ્ય માટે વ્યવહારિક માર્ગદર્શન આપવાની, જરૂર છે ઉતમ અને પરોપકારી એવા આંગણામાં જ પ્રાપ્ય આયુર્વેદના કુદરતી ખજાનાને લોકભાગ્ય બનાવવાની !હર ઘર – હર દિન આયુર્વેદનો અર્થ છે કે આયુર્વેદે સ્વસ્થ રહેવા માટે કહેલાં નિયમોનું આપણે પાલન કરીએ.. આયુર્વેદનું મુખ્ય પ્રયોજન જ સ્વસ્થ વ્યક્તિનું સ્વાસ્થ્ય જાળવવાનું છે આ માટે આયુર્વેદમાં દિનચર્યા – રાત્રીચર્યા અને સદવ્રતના નિયમો બતાવેલા છે જેનું પાલન કરવાથી આપણે સ્વસ્થ રહી શકીએ છીએ. જાણતા – અજાણતા આપણે આયુર્વેદે કહેલાં નિયમોનું પાલન કરતાં જ હોઈએ છીએ, જરૂર છે એને આજના યુગ પ્રમાણે ઓળ ખવાની અને અનુસરવાની આયુર્વેદમાં કયારે ઊઠવું થી લઈ કયારે સૂવું સુધીના તમામ નિયમો દિનચર્યા અંતર્ગત બતાવેલા છે જેની વિગતવાર ચર્ચા માટે આપણને બે સપ્તાહ ટુકા પડે પણ આવતા સપ્તાહે તેમાથી મુખ્ય બાબત એટલે કે ખોરાક, નિંદ્રા અને કસરતને આજના યુગ પ્રમાણે કેવી રીતે લેવા જોઈએ જેની ચર્ચા કરીશું.

**મર્મ બિંદુ :** આ એલોપથીએ સાયન્સ જયાથી આવ્યું છે તે અમેરીકા – યુરોપમાં હવે સારૂ કોલેસ્ટ્રોલ વધારવા ગાયનું ઘી ખાવાની સલાહ આપવામાં આવે છે !

# *આધુનિકતામાં અટવાયેલી સ્ત્રી*




સમાજમાં આપણે ઘણીવાર લોકોને એવું કહેતા સાંભળ્યા હોય છે કે, સમય સાથે સમાજ બદલાયો છે. સમાજ બદલાયો છે પણ નારી માટે નહીં. જયારે પણ કોઈ સ્ત્રીની વાત હોય ત્યારે સમાજની પરંપરા, રીત રિવાજો અને રૂઢિ ચૂસતા આવી જાય છે. વ્યક્તિ એજયુકેટેડ થાય છે પરંતુ તેના વિચારો નહીં. આજના યુગમાં દીકરા અને દીકરીને એક સમાન ગણે છે, દરેક ઘરમાં દીકરાઓ અને દીકરી એક સમાન હોય છે ? સમાજ હંમેશા આધુનિકતાનો દેખાડો કરે છે પરંતુ વાસ્તવમાં આધુનિકતામાં જીવી શકતો નથી.

આધુનિક યુગમાં સ્ત્રીઓને આધુનિકતા સાથે ચાલવું થોડુંક મુશ્કેલ ભર્યું રહ્યું છે. સ્ત્રીઓને પોતાનામાં આધુનિકતા લાવવા માટે પોતાના વ્યક્તિત્વમાં ઘણા જ ફેરફારો કરવાપડે છે. આધુનિકયુગને અનુરૂપ થવા માટે સ્ત્રીને ઈંગ્લીશ આવડવું જોઈએ. જો કોઈ સ્ત્રીને ઈંગ્લીશના આવડતું હોય તો એ મનમાં ઘણી ગૂંચવાય છે. આધુનિક સ્ત્રીની પરિભાષા કંઈક અલગ રીતની જ છે, આધુનિક સ્ત્રી એટલે કે તેની ફેશનની બધી જાણકારી હોવી જોઈએ, કપડાથી લઈને મોબાઈલ, ચપ્પલ, મેકઅપ, ન્યુઝ, વિહિકલ, ઘરના રસોડામાં આધુનિક સાધનો–જો આ બધાની જાણકારી ન હોય તો તે સ્ત્રીને આધુનિક ગણાતી નથી આધુનિક યુગ એ સ્ત્રીઓ માટે થોડા અંશે પડકારરૂપ છે. આધુનિક સ્ત્રી ઓફિસ સાથે ઘર પણ ખૂબ કાબીલ્યથી સંભાળી લે છે. ઘરની સાથે સમાજ સગા સંબંધીઓ રીત રિવાજો બધી જ વસ્તુને તે ખૂબ કુશળતા થી નિભાવે છે.

સ્ત્રી આધુનિકતાને અપનાવવામાં પોતાના શોખ, હુન્નર, છબી અને પોતાના સપનાથી દૂર થતી જાય છે. આધુનિક યુગમાં અનુકૂળ થવાની તુલનામાં પામવાનું તો ઓછું જ છે પણ ગુમાવવાનું ખૂબ જ છે. સ્ત્રી આધુનિકયુગ સાથે મર્જ થવા માટે મોબાઈલમાં વધારે સમય વિતાવે છે, એ જાણવા માટે કે પોતે કોઈ જગ્યાએ ઓછી ના રહે. સ્ત્રી પોતાના આત્મવિશ્વાસ ગુમાવે બેસે છે. આધુનિકતાની હોડમાં સ્ત્રી એટલી તો એટલી બધી અટવાયેલી છે કે,પોતાનો આત્મવિશ્વાસ ગુમાવી બેઠી છે.આધુનિક સ્ત્રી હોય કેપરંપરાગત તે બે પરિવારને જોડતી કડીરૂપ રહી છે. નારી ધારે તો શું ન કરી શકે. નારી ને સમર્પણ ની દેવી કહી છે. નારી સૃષ્ટિનું નિર્માણ પણ કરે છે અને વિનાશ પણ કરે છે. બાળકો માટે તેમની પહેલી શિક્ષક માતાજી છે જે આજના યુગમાં સત્ય છે. માતા ભણતરની સાથે સંસ્કારમાં પણ સિંચન કરે છે. પોતાના બાળક પાછળ ના રહી જાય તે માટે હંમેશા પ્રયત્નશીલ હોય છે. પુરાતન કાળમાં પણ નારીનો મહિમા કરવામાં આવ્યો છે. પરંતુ આધુનિક યુગમાં આપણે તે ભૂલતા જોઈએ છે.

આધુનિકતાની માયાજાળમાં લોકો એવા તો ફસાઈ ગયા છે કે, સફળતા પાછળ દોડતા દોડતા હવે લોકો ડિપ્રેશન તર્યિતત નો ભોગ બની રહ્યા છે. આધુનિક સાધનો વાપરવાથી કામમાં ઘટાડો થયો છે. પરંતુ સમયનો વ્યય થઈ રહ્યો છે. ગામના ચોક પર ૮ થી ૧૦ દોસ્તો ભેગા થાય તો છે. પણ કોઈ એકબીજા સાથે વાતચીત નથી કરતો.સૌ પોત પોતાના મોબાઈલમાં વ્યસ્ત હોય છે. જાય છે તેના પણ ખ્યાલ રહેતો નથી. હવેની આધુનિક યુગની સ્ત્રીને કોઈની ગરજ રહી નથી. આજના આધુનિક યુગમાં google youtube એ વ્યક્તિનું સ્થાન લઈ લીધું છે. પહેલા સાસરે ગયેલી દીકરીને ના આવડે તો પોતાની માતાને ફોન કરીને પૂછતી પણ, હવે તો તે youtube દેવીને પૂછે છે. આધુનિક યુગની સ્ત્રીઓએ સોશિયલ મીડિયા પર પોતાનું આગવું સ્થાન લીધું છે. જેમાં રસોઈ પણ બનાવતા શીખવાડે, સાડી પહેરતા પણ શીખવાડે, શિક્ષણ આપતા પણ શીખવાડે વ્યક્તિને જે જોઈતું હોય તે બધું જ તેને google youtube પરથી મળી રહે છે. બસ નથી મળતા તો એક માત્ર સંસ્કાર. જેની આજનાં વ્યક્તિને બહોળી જરૂરિયાત છે. સ્ત્રી હોય કે પુરૂષ હોય આધુનિક બનો એક રોગ સમાન થઈ ગયું છે. જેની ઘેલછામાં લોકો હું કંઈક છું અભિમાન કરે છે. લોકો માન – મર્યાદા – વિવેક સન્માન ભૂલી ગયા છે. આજે પણ ઘણા લોકો માને છે કે જો કોઈ સ્ત્રીનો દોસ્ત પુરૂષ હોય કે કોઈની જોડે વાત તો કરવા ઉભી હોય તો કંઈક વિચાર્યા વગર તેના ચરિત્રનું સર્ટીફીકેટ આપી દે છે. પછી તો સાચું કે ખોટું એનાથી કોઈ મતલબ હોતો નથી. અત્યારે તો સ્ત્રીઓ અને લગ્ન જીવન પર અસંખ્ય મજાક મસ્તી વાળા જોકસ આવે છે. જેમાં હંમેશા સ્ત્રીને જ ટાર્ગેટ બનાવવામાં આવે છે. શું એક સ્ત્રીને પોતાનો વિચાર શોખ કે તેની આવડતને મુકવાનો અધિકાર નથી???? આધુનિક યુગમાં સ્ત્રી સાડી માંથી જીન્સ પર આવી ગઈ છે. હવે તો દરેક ક્ષેત્રમાં સ્ત્રી પોતાની આગવી ઓળખ ઊભી કરી છે.

આધુનિકતામાં અટવાયેલા મનુષ્ય વિશે જો લખવા બેસીએ તોલખાણ પૂરૂ જ ના થાય. છેલ્લ બસ એટલું જ કહેવું છે કે, આધુનિકતાને અપનાવો પણ તેને સમજો વિચારો અને અનુભવો.ત્યારબાદ જ આચરણમાં મૂકા. આધુનિકતાના રંગમાં એટલા પણના રંગાય છે કે પોતાના હૃદયની વાત અને અભિવ્યક્ત કરવા માટે વીડિયો કોલિંગ જરૂર પડે. આધુનિક પરિવહન અનુકૂળ થઈએ પણ પોતાને મહત્વ ના ગુમાવીએ.

આ બનાવમાં જાણવા મળતી માહિતીપ્રમાણેઅમરેલીજિલ્લાના લાઠી તાલુકાના આંબરડી ગામે આજે ખેતરમાં કપાસ વિણવાની ખેત મજૂરી કામ ચાલું હતું. ત્યારે અચાનક ગાજવીજ સાથે વરસાદ શરૂ થતાં કપાસ વીણવાની કામગીરી કરતાં શ્રમિકોએ કામ અટકાવી અને મજૂરો ભારે વરસાદના કારણે વહેલા પોતાના ઘરે જવા નીકળ્યા હતાં. ત્યારે અચાનક જ કાળરૂપી વીજળી આકાશમાંથી ત્રાટકી હતી અને આ મજુર પરિવાર ઉપર વીજળી પડતાં ભારતીબેન ભાવેશભાઈ સાંથળીયા (ઉ.વ. ૩૫), શિલ્પાબેન વિજયભાઈ સાંથળીયા ( (ઉ.વ. ૧૮), રૂપાલીબેન દલસુખભાઈ વણોદિયા (ઉ.વ. ૧૮), રિદ્ધિ ભાવેશભાઈ સાંથળીયા (ઉ.વ. ૫) તથા

## પાના ૧ ઉપરનું ચાલું લાઠીનાં આંબરડીમાં વીજળીનો હાહાકાર

રાધેભાઈ ભાવેશભાઈ સાંથળીયા (ઉ.વ. ૫) સહિત ૫ વ્યકિતઓના ઘટનાસ્થળેમોતનિપજયાહતા.

લાઠીના આંબરડી ગામના ખેડૂત રમેશભાઈ માધાભાઈ તળ ાવિયાને ત્યાં ખેત મજૂરી કરવા ગયેલા દેવીપૂજક પરિવારના સગા સંબંધીઓ ખેત મજૂરી કરી પરત ફરતી વેળા આ વીજળી પડવાની ઘટના ઘટી હતી. નદી કાંઠે વરસાદ શરૂ હતો ખેત મજૂરો અડધા નદી પસાર કરી ગયેલા અમુક હજુ પાછળ હતા ત્યારે વીજળી ત્રાટકી અને કુલ ૮ વ્યકિતઓને વીજળી પડવાથી ઈજાઓ થઈ હતી. ત્રણ ઈજાગ્રસ્તોને ઢસા ખસેડવામાં આવ્યા હતા ખેત મજૂરી કરતા દેવીપૂજક પરિવારના ૫ વ્યકિતના મોત થતાં મૃતકોને ૧૦૮ વડે લાઠી સરકારી હોસ્પિટલે ખસેડાયા હતા અને ઘટનાની જાણ થતાં લાઠીના ધારાસભ્ય ઘટના સ્થળે આંબરડી ગામે પહોંચ્યા હતા અને જરૂરી સૂચના અને માર્ગદર્શન અધિકારીઓને આપીને મૃતક પરિવારજનોને સહાય મળે તેવી વ્યવસ્થાઓ કરવાની સૂચના આપેલ હતી. વીજળી પડવાની ઘટનાથી નાના એવા આંબરડી ગામમાં ૫ ના મોતથી અરેરાટી વ્યાપી હતી ને મૃતકોના ત્વરિત પોસ્ટમોર્ટમ કરીને પરિવારજનોને સાંત્વના પાઠવવા વહીવટી તંત્ર ખડેપગે રહ્યું હતું. જયારે વીજળી પડવાની ઘટનામાં ૫ ના મોત અમરેલી જિલ્લામાં આ પ્રથમ ઘટના છે કે વીજળી પડવાથી ૫ ના મોત થયા હોય ને છેલ્લે છેલ્લે વરસાદે ભારે તારાજી સાથે ખેતીપાકને નુકસાની કરી છે પણ માનવ મૃત્યુની ઘટના ઘટતા લાઠી પંથકમાં શોકનો માહોલ છવાઈ ગયેલો હતો.

## અવસાન નોંધ

**વડિયા :** વડિયા નિવાસી સરલાબેન જયંતીભાઈ ધકાણ તે સ્વ.જયંતીભાઈ સોનીના ધર્મ પત્ની તેમજ ધર્મેશભાઈ, પરેશભાઈ, પીન્ટુભાઈ, અલ્પેશભાઈ ધકાણના માતુશ્રીનું તા. ૧૮/૧૦/૨૪ શનિવાર નારોજ અવસાન થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા. ૨૧/૧૦/૨૦૨૪ સોમવાર સમય ૪:૦૦ થી ૬:૦૦ લોહાણા મહાજન વાડી વડિયા ખાતે રાખેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું રાજુલા–મહુવા હાઈવે ઉપર

અને ટ્રક નીચે બાઈક ફસાય જતા આશરે ૧ કિલોમીટર સુધી બાઈક ઢસડી પીપાવાવ ફોરવે હાઈવે સુધી ટ્રક ચાલક પહોંચ્યો. પીપાવાવ મરીન પોલીસે ટ્રક અને ડ્રાયવરનો કબ્જો લીધો હતો. આ ઘટનાને લઈ સમગ્ર પંથકમાં શોકમય માહોલ સર્જાયો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ભાવનગર–સોમનાથ નેશનલ હાઈવે પર ૨ દિવસ પહેલા રાજુલાના ચારનાળા નજીક બાઈક અને ફોર વ્હીલ વાહન વચ્ચે અકસ્માતમાં ૫૦ ફૂટ નીચે સર્વિસ રોડ ઉપર બાઈક ચાલકો નીચે પટકાયને મોતને ભેટયા હતા. આજે વધુ એક ઘટના સામે આવી જેમાં હાઈવે પર ૨ લોકોના અકસ્માતે મોત નિપજયા છે. આમ ૪ દિવસની અંદર ૪ લોકોના અકસ્માતમાં ભોગ લેવાયા છે.

ભાવનગર–સોમનાથ નેશનલ હાઈવે પર મહુવાથી રાજુલા, ટીંબી, ઉના સુધી સ્થાનિક ગ્રામ્ય વિસ્તારના બાઈક ચાલકો, વાહન ચાલકોને સૌથી વધુ અકસ્માતની ઘટનાઓ સામે આવી છે. જેમાં લોકોના જીવ ગુમાવવામાં આવી રહ્યા છે. લોકોમાં હાઈવેની જાગૃતતાના અભાવે અકસ્માતો વધી રહ્યા છે જે અતિ ચિંતાજનક સ્થિતિ સર્જાઈ છે.

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૫૫૦ | ૭૩૫ |
| ૨ | તલ સફેદ | ૨૦૩૬ | ૨૪૦૦ |
| ૩ | કપાસ | ૧૦૫૦ | ૧૫૫૦ |
| ૪ | બાજરો | ૪૮૦ | ૫૪૧ |
| ૫ | ઘઉં ટુકડા | ૫૫૦ | ૬૨૩ |
| ૬ | જુવાર | ૭૦૭ | ૭૬૧ |
| ૭ | મગ | ૧૨૫૦ | ૧૩૦૦ |
| ૮ | અડદ | ૯૭૧ | ૧૪૫૦ |
| ૯ | ચણા | ૧૩૫૧ | ૧૩૫૧ |
| ૧૦ | જીરૂ | ૩૮૩૮ | ૩૮૩૮ |
| ૧૧ | સોયાબીન | ૭૧૧ | ૭૭૯ |
| ૧૨ | મેથી | ૧૨૦૦ | ૧૨૦૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૭૦૦ | ૧૧૦૮ |
| ૨ | શિંગ મોટી | ૭૨૨ | ૧૧૭૫ |
| ૩ | શિંગાદાણા ફાડા | ૧૧૦૦ | ૧૨૦૦ |
| ૪ | તલ સફેદ | ૧૭૯૦ | ૨૭૯૦ |
| ૫ | તલ કાળા | ૨૭૦૦ | ૩૮૦૫ |
| ૬ | તલ કાશ્મીરી | ૨૬૧૦ | ૩૩૦૪ |
| ૭ | બાજરો | ૪૧૨ | ૪૧૨ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૬૪ | ૬૭૩ |
| ૯ | ઘઉં લોકવન | ૪૮૨ | ૬૬૪ |
| ૧૦ | અડદ | ૮૨૦ | ૧૩૨૫ |
| ૧૧ | ચણા | ૮૪૦ | ૧૪૦૧ |
| ૧૨ | કપાસ | ૭૪૦ | ૧૬૫૧ |
| ૧૩ | એરંડા | ૧૧૨૦ | ૧૨૩૧ |
| ૧૪ | જીરૂ | ૩૧૦૦ | ૪૫૦૦ |
| ૧૫ | ધાણા | ૧૦૯૦ | ૧૩૪૦ |
| ૧૬ | સોયાબીન | ૬૦૦ | ૮૭૬ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૭૦૧ | ૧૦૫૧ |
| ૨ | શીંગ મોટી | ૯૦૦ | ૧૧૩૧ |
| ૩ | તલ સફેદ | ૧૮૫૦ | ૨૩૨૦ |
| ૪ | જીરૂ | ૪૧૦૦ | ૪૫૭૧ |
| ૫ | કપાસ | ૧૩૦૦ | ૧૬૦૦ |
| ૬ | ઘઉં લોકવન | ૫૬૧ | ૬૪૧ |
| ૭ | ઘઉં ટુકડા | ૬૦૦ | ૬૫૮ |
| ૮ | બાજરો | ૪૧૨ | ૫૦૦ |
| ૯ | જુવાર | ૪૨૧ | ૭૮૧ |
| ૧૦ | અડદ | ૧૧૯૫ | ૧૬૨૦ |
| ૧૧ | ચણા | ૧૩૦૦ | ૧૫૫૭ |
| ૧૨ | ધાણા | ૧૦૬૫ | – |
| ૧૩ | સોયાબીન | ૭૦૦ | ૮૨૯ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૬૧૭ |
| ૨ | ઘઉં લોકવન | ૩૨૫ | ૬૧૦ |
| ૩ | ઘઉં ટુકડા | ૬૨૫ | ૬૨૫ |
| ૪ | તલ કાળા | ૨૬૦૦ | ૨૭૦૦ |
| ૫ | ચણા | ૧૦૯૬ | ૧૩૦૦ |
| ૬ | મેથી | ૧૦૮૦ | ૧૦૮૦ |
| ૭ | અડદ | ૯૩૫ | ૧૧૯૫ |
| ૮ | ધાણા | ૧૦૭૯ | ૧૧૭૫ |
| ૯ | સોયાબીન | ૬૦૦ | ૭૩૧ |
| ૧૦ | મગફળી | ૫૦૦ | ૯૧૬ |
| ૧૧ | શીંગદાણા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૨ | તલ સફેદ | ૧૭૪૫ | ૨૦૦૦ |
| ૧૩ | મગ | ૧૫૫૪ | ૧૫૫૪ |
| ૧૪ | જુવાર | ૩૦૦ | ૭૪૦ |

## જાહેર નોટિસ

આથી હું **કુલદિપ વિ. ભટ્ટ** (એડવોકેટ) તે અમારા અસીલશ્રી FSGE RENEWABLE PVT. LTD. ની સુચના અને ફરમાઈસ અનુસાર આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, અમારા અસીલશ્રી નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ **મિલ્કત ૨૯ – વર્ષ અને ૧૧ – માસ માટે ભાડાપટ્ટે રાખેલ છે,**

